# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

**અભ્યાસક્રમ** : **માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT)** **નોંધણી નંબર :** ________________

**પાઠયક્રમ** : **નવકથાનું સ્વરૂપ (MGT-01)**

**તારીખ** : **02-08-2010**

**સમય** : **11.00 થી 2.00**

**સૂચના** : **(1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.**

**(2) નીચેના પૈકી કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.** **કુલ ગુણ :– 70**

---

પ્રશ્નઃ–૧ નવલકથા એટલે શું? તે સ્પષ્ટ કરી તેના મહત્ત્વના ઘટક અંગોનો પરિચય કરાવો. (14)

પ્રશ્નઃ–૨ નવલકથામાં આરંભ અને અંતનું શું મૂલ્ય છે તે જણાવો. (14)

પ્રશ્નઃ–૩ ‘ સરસ્વતીચંદ્ર’ ભાગ–૧ નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–૪ ‘ સરસ્વતીચદ્ર’ ભાગ–૧ નવલકથાના મુખ્ય પાત્રોનો પરિચય કરાવો. (14)

પ્રશ્નઃ–૫ ‘માનવીની ભવાઈ’ નવલકથાનું જાનપદી નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–૬ ‘માનવીની ભવાઈ’ નવલકથામાં આવતા દુષ્કાળના વર્ણનો ઉદાહરણ સાથે તમારા શબ્દોમાં આલેખો. (14)

પ્રશ્નઃ–૭ ‘પાટણની પ્રભુતા’ નવલકથાને ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–૮ ‘પાટણની પ્રભુતા’ નવલકથાના મુખ્ય અને ગૌણપાત્રોનો પરિચય કરાવો. (14)

પ્રશ્નઃ–૯ **ટૂંકનોંધ લખો** (14)

(૧) ‘માનવીની ભવાઈ’ નવલકથાના શીર્ષકનું ઔચિત્ય

(૨) ‘સરસ્વતીચંદ્ર’ ભાગ–૧ ના લેખકની ગદ્યશૈલી

પ્રશ્નઃ–૧૦ **ટૂંકનોંધ લખો** (14)

(૧) ‘પાટણની પ્રભુતા’ કૃતિમાંથી પ્રગટ થતી ગુજરાતની અસ્મિતા અને ખુમારી

(૨) ‘માનવીની ભવાઈ’ નવલકથાનો આરંભ અને અંત

——————

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

| | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમ | : માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT) | નોંધણી નંબર | : ________________ |
| પાઠયક્રમ | : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ (MGT-02) | | |
| તારીખ | : 03-08-2010 | | |
| સમય | : 11.00 થી 2.00 | | |
| સૂચના | : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે. | | |
| | (2) દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજિયાત છે. | કુલ ગુણ :–70 | |

---

પ્રશ્નઃ–૧ 'સુદામા ચરિત્ર' ને આખ્યાન સ્વરૂપના લક્ષણોને લક્ષમાં લઈ મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૧ 'સુદામા ચરિત્ર' ની વર્ણનકલા અંગે ઉદાહરણ સાથે ચર્ચા કરો.

પ્રશ્નઃ–૨ 'અખેગીતા' કૃતિની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૨ 'અખેગીતા' કૃતિમાંથી પ્રગટ થતું તત્ત્વજ્ઞાન તમારા શબ્દોમાં આલેખો.

પ્રશ્નઃ–૩ 'ધ્વનિ' કાવ્યસંગ્રહના આધારે રાજેન્દ્ર શાહની કવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૩ 'ધ્વનિ' કાવ્યસંગ્રહના શીર્ષકની ઉચિતતા તપાસો.

પ્રશ્નઃ–૪ 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહના આધારે કવિ કાન્તની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૪ 'સપ્તપદી' કાવ્યસંગ્રહના આધારે ઉમાશંકર જોશીની કવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો.

પ્રશ્નઃ–૫ **ટૂંકનોંધ લખો (ગમે તે બે)** (14)

(૧) 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહની વિશેષતાઓ.

(૨) 'પૂર્વાલાપ' ના કાવ્યોમાંથી તમને ગમતા કોઈ એક કાવ્યનું રસદર્શન

(૩) 'સપ્તપદી' કાવ્યસંગ્રહના કલ્પનો અને પ્રતીકો.

(૪) 'અખેગીતા' ના શીર્ષકની ઉચિતતા.

_________

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

**અભ્યાસક્રમ** : માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT) નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપાંતત્ર(MGT-03)

**તારીખ** : 04-08-2010

**સમય** : 11.00 થી 2.00

**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.
(2) નીચેના પૈકી કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો. કુલ ગુણ :– 70

---

| | | |
|---|---|---|
| પ્રશ્નઃ–૧ | ધ્વનિ નિર્માણની પ્રક્રિયા સમજાવો. | (14) |
| પ્રશ્નઃ–૨ | ગુજરાતી ભાષાના શબ્દભંડોળ વિશે ઉદાહરણ સહિત વિસ્તૃત નોંધ લખો. | (14) |
| પ્રશ્નઃ–૩ | તાલવ્ય અને કંઠયસ્પર્શ ધ્વનિઓના પારસ્પરીક સંબંધોની વ્યવસ્થા સ્પષ્ટ કરી ઉદાહરણ સહિત ચર્ચો. | (14) |
| પ્રશ્નઃ–૪ | સ્વર એટલે શું તે સમજાવી ગુજરાતીના સ્વરોનું દૃષ્ટાંત સહ વર્ણન કરો. | (14) |
| પ્રશ્નઃ–૫ | ઉપરૂપો ધરાવતાં ક્રિયાસૂચક રૂપોનું વર્ગીકરણ વિગતે સમજાવો. | (14) |
| પ્રશ્નઃ–૬ | ગુજરાતી ભાષામાં ક્રિયાપદનો વિસ્તાર કઈ રીતે થાય છે તે દૃષ્ટાંત સહ સમજાવો. | (14) |
| પ્રશ્નઃ–૭ | વાકયના મુખ્ય ત્રણ લક્ષણો કયા કયા છે ? ઉદાહરણ સાથે વિગતે ચર્ચો. | (14) |
| પ્રશ્નઃ–૮ | કર્તરિ, કર્મણિ અને ભાવે વાકયરચનાઓને દૃષ્ટાંત સાથે સમજાવો. | (14) |
| પ્રશ્નઃ–૯ | રૂપ અને વાકય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો. | (14) |
| પ્રશ્નઃ–૧૦ | **ટૂંકનોંધ લખોઃ (ગમે તે બે)** | (14) |

(૧) અંગસાધકરૂપો

(૨) નામ[illegible]

(૩) પ્રેરક વાકયરચના

(૪) તત્વ પુરૂષ સમાસો

———————

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

**અભ્યાસક્રમ** : માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT)  નોંધણી નંબર : ________________
**પાઠ્યક્રમ** : નિબંધ (MGT-04)
**તારીખ** : 05-08-2010
**સમય** : 11.00 થી 2.00
**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.
(2) દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજિયાત છે.  કુલ ગુણ :– 70

---

**પ્રશ્નઃ–૧  નીચે પૈકી કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.  (35)**

૧. ભાષામાં શબ્દની કયા પ્રકારની ભૂમિકા છે ?

૨. ગદ્યના વિવિધ પ્રકારોની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

૩. સંયુકત અને સંકુલ વાકય કોને કહેવાય તે સ્પષ્ટ કરી દરેકનું એક એક ઉદાહરણ આપો.

૪. ભાષાપ્રભુત્વ એટલે શું ? તે જણાવી ગુજરાતી ભાષામાં પ્રભુત્વ લાવવા માટે તમે શું કરશો ?

૫. 'તને નમું, પથ્થરને ય હું નમું, શ્રદ્ધાતણું આસન જ્યાં નમું ત્યહીં' – વિચાર વિસ્તાર કરો.

૬. અહેવાલ લેખન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

૭. નિબંધ માટેની આવશ્યક શરતો કઈ છે ?

૮. પ્રકૃતિ વિષયક નિબંધ લખતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે જણાવી કોઈ એક પ્રકૃતિ વિષયક નિબંધ પસંદ કરી દસ વાકયો લખો.

૯. 'પરિચ્છેદ' નું વાંચન કરતી વખતે કઈ બાબતો લક્ષમાં લેશો ?

**પ્રશ્નઃ–૨  નીચે પૈકી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો.  (35)**

૧. સાયબરની દુનિયા : આકર્ષણો અને પડકારો

૨. મારું પ્રિય પુસ્તક

૩. આજનું અને આવતીકાલનું પત્રકારત્વ

———————

www.StudyGuideIndia.com

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010**

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT)** | **નોંધણી નંબર** | **: ________________** |
| **પાઠયક્રમ** | **: વિશેષ લેખન : મહાત્મા ગાંધી(MGT-05)** | | |
| **તારીખ** | **: 06-08-2010** | | |
| **સમય** | **: 11.00 થી 2.00** | | |
| **સૂચના** | **: દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.** | **કુલ ગુણ :– 70** | |

પ્રશ્નઃ–૧ "સંપૂર્ણ સત્યકથન એ જ આત્મકથાની ખરી કસોટી છે" – આ વિધાનની સમીક્ષા કરી આત્મકથાનાં વ્યાવર્તક લક્ષણોની ચર્ચા કરો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૧ આત્મકથા અને સંસ્મરણ તથા આત્મકથા અને જીવનચરિત્ર વિશે ભેદ સ્પષ્ટ કરો.

પ્રશ્નઃ–૨ 'સત્યના પ્રયોગો' માંથી એના નાયકના સત્યશોધનનો સુરેખ આલેખ સાંપડે છે' – આ વિધાનની ચર્ચા કરો. (14)

**અથવા**

પ્રશ્નઃ–૨ 'સત્યના પ્રયોગો' માં રજૂ થયેલા ગાંધીજીના વિચારો વિશે નોંધ લખો.

પ્રશ્નઃ–૩ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ કૃતિમાં ગાંધીજીના સત્યાગ્રહના વિવિધ પ્રસંગોનું મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–૩ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ એ એક સત્યાગ્રહની સંઘર્ષ કથા છે –આ વિધાનની ચર્ચા કરો.

પ્રશ્નઃ–૪ **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (14)

(૧) 'સત્યના પ્રયોગો'ને આધારે ગાંધીજીની ધર્મભાવના

(૨) 'સત્યના પ્રયોગો' – શીર્ષકનું ઔચિત્ય

(૩) 'ધણીપણું' –પ્રકરણની સમીક્ષા

(૪) 'ચોરી અને પ્રાયશ્ચિત પ્રકરણની સમીક્ષા

પ્રશ્નઃ–૫ **નીચેનામાંથી ગમે તે બે પ્રકરણની ટૂંકમાં સમીક્ષા કરો.** (14)

(૧) મરજીયાત પરવાનાની હોળી

(૨) બોઅર લડાઈ

(૩) દેશ–નિકાલ

(૪) વિવાહ તે વિવાહ નહીં

––––––––––––

www.StudyGuideIndia.com

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010**

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસક્રમ** | **: માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT)** | **નોંધણી નંબર** | **: ________________** |
| **પાઠયક્રમ** | **: સાહિત્યના ઘટકતત્ત્વો (MGT-06)** | | |
| **તારીખ** | **: 07-08-2010** | | |
| **સમય** | **: 11.00 થી 2.00** | **કુલ ગુણ :– 70** | |
| **સૂચના** | **: (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.**<br>**(2) બધા પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.** | | |

---

પ્રશ્નઃ–૧ "કાવ્યની શકિત" નું સ્વરૂપ સ્પષ્ટ કરો. (14)

**<u>અથવા</u>**

ભરતના રસસૂત્રની ચર્ચા કરી રસનિષ્પતિની પ્રક્રિયા સમજાવો.

પ્રશ્નઃ–૨ આનંદવર્ધનના ધ્વનિ સિધ્ધાંતની ચર્ચા કરી ધ્વનિના પ્રકારોની ચર્ચા કરો. (14)

**<u>અથવા</u>**

'વક્રોકિત' એ કાવ્યનું જીવિત છે' – કુંતકના આ વિધાનની ચર્ચા કરો.

પ્રશ્નઃ–૩ એરિસ્ટોટલની ટ્રેજેડીની વિભાવના સમજાવી ટ્રેજેડીના મહત્ત્વનાં અંગોની ચર્ચા કરો. (14)

**<u>અથવા</u>**

'સાહિત્ય એ જીવનની સમીક્ષા' છે ? – આર્નોલ્ડના આ વિધાનની ચર્ચા કરો.

પ્રશ્નઃ–૪ લૉન્જાઈન્સના ઉદાત્તતત્ત્વ (સાબ્લિમેશન) ની સમીક્ષા કરી એની શરતો સમજાવો. (14)

**<u>અથવા</u>**

ક્રોચેના અભિવ્યકિતવાદની વિગતે ચર્ચા કરો.

પ્રશ્નઃ–૫ **ટૂંકનોંધ લખોઃ (ગમે તે બે)** (14)

૧. કેથાર્સિસ

૨. 'નવ્ય વિવેચન'

૩. રસપ્રતીતિનાં વિઘ્નો

૪. કાવ્યમાં વર્ણનું મહત્ત્વ

————————

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

**અભ્યાસક્રમ** : માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT) **નોંધણી નંબર** : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્યનાં સીમા ચિહ્નો (MGT-07)

**તારીખ** : 08-08-2010

**સમય** : 11.00 થી 2.00 **કુલ ગુણ :–70**

**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.
(2) બધા પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.

---

પ્રશ્નઃ–૧ " સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧" એ સૌરાષ્ટ્રની પ્રજાની ખમીર અને ખુમારીની કથાઓ છે – આ વિધાનની ચર્ચા કરો. (14)

**અથવા**

"સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧" કૃતિનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–૨ સુરેશ જોષીના 'જનાન્તિકે' નિબંધસંગ્રહથી ગુજરાતી ભાષામાં નિબંધ ક્ષેત્રે એક નવો યુગ શરૂ થાય છે. – ચર્ચા કરો. (14)

**અથવા**

" જનાન્તિકે" કૃતિનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–૩ નાટકના સ્વરૂપને લક્ષમાં લઈ " રાઈનો પર્વત" કૃતિનું મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

" રાઈના પર્વત" નાટકમાં સુધારાનો સુર કેન્દ્રમાં છે – આ વિધાનની સાધકબાધક ચર્ચા કરો.

પ્રશ્નઃ–૪ આત્મકથાના સ્વરૂપગત લક્ષણોને ધ્યાનમાં રાખી " મારી હકીકત" કૃતિની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

**અથવા**

"મારી હકીકત"માંથી પ્રગટ થતું 'નર્મદ' નું વ્યકિતત્વ

પ્રશ્નઃ–૫ **ટૂંકનોંધ લખો (ગમે તે બે)** (14)

૧. 'મારી હકીકત' કૃતિના શીર્ષકની ઉચિતતા

૨. " રાઈના પર્વત" નાટકના મુખ્યપાત્રો

૩. 'જનાન્તિકે' નિબંધોમાંથી પ્રગટતું પ્રકૃતિતત્ત્વ

૪. 'આહીરની ઉદારતા' લોકકથાનું મૂલ્યાંકન

——————

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ઓગસ્ટ : 2010

**અભ્યાસક્રમ : માસ્ટર ઓફ આર્ટ્સ–ગુજરાતી (MGT) નોંધણી નંબર :________________**

**પાઠયક્રમ : અનુવાદ કલા (MGT-08)**

**તારીખ : 09-08-2010**

**સમય : 11.00 થી 2.00 કુલ ગુણ :– 70**

**સૂચના : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.**

**(2) બધા પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.**

---

પ્રશ્નઃ–૧ અનુવાદ એટલે શું ? તે સમજાવી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો. (14)

<u>અથવા</u>

પ્રશ્નઃ–૧ અનુવાદનું ક્ષેત્ર જણાવી અનુવાદના પ્રકારો જણાવો.

પ્રશ્નઃ–૨ અનુવાદ : વિજ્ઞાન, કલા કે કૌશલ્ય ? તમારા મંતવ્યો ઉદાહરણ સાથે જણાવો. (14)

<u>અથવા</u>

પ્રશ્નઃ–૨ અનુવાદનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કઈ રીતે થઈ શકે ? ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્નઃ–૩ કાવ્યનો અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતો લક્ષમાં લેવી જોઈએ ? ચર્ચા કરો (14)

<u>અથવા</u>

પ્રશ્નઃ–૩ નાટકનો અનુવાદ કરતી વખતે અનુવાદકે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

પ્રશ્નઃ–૪ ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી ભાષામાં કોઈપણ પાંચ કહેવતોનો અનુવાદ કરો. (14)

<u>અથવા</u>

પ્રશ્નઃ–૪ હિન્દીની કોઈપણ પાંચ કહેવતોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરો.

પ્રશ્નઃ–૫ **ટૂંકનોંધ લખો (ગમે તે બે)** (14)

૧. રૂઢિપ્રયોગો અને અનુવાદ

૨. ગુજરાતી ભાષામાં અનુવાદ કલાનું મહત્ત્વ

૩. અનુવાદ માટેના સહાયક સાધનો

૪. આદર્શ અનુવાદની વિશેષતાઓ

———————

www.StudyGuideIndia.com